# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૮ * એપ્રિલ, ૨૦૧૩



અહો ! સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે-પ્રદેશે આનંદનો જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશો આનંદથી ઊછળે છે. આનંદનું જન્મધામ નિજ પરમાત્મતત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ જૈસે તુષોંકે ચલાનેસે, ઉડાનેસે મનુષ્યકા કુછ દ્રવ્ય નહીં જાતા હૈં વૈસે હી તપસ્વી ઔર શીલવાન પુરુષ વિષયોંકો ખલકી તરહ ક્ષેપતે હૈં, દૂર ફેંક દેતે હૈં. ૧૩૪૬.

*(શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ, ગાથા–૨૪)*

✻ જે જીવના મનમાં અનર્થના કારણભૂત ક્રોધાદિ કષાયો કોઈ નિમિત્તને વશ થઈને ઉત્પન્ન થવા છતાં પણ જળમાં કરવામાં આવતી રેખા સમાન ટકતાં નથી તે શાંત સ્વભાવવાળો જીવ નિર્મળ સમ્યગ્દૃષ્ટિ હોય છે. ૧૩૪૭.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગાથા-૧૬૨)*

✻ જો કોઈ મોક્ષકે સુખ દેનેમેં ચતુર ઐસે રત્નત્રયકો છોડ કરકે ભયાનક ઔર અચિંત્ય વેદનાકો પૈદા કરનેવલા ભોગોંકો એકાંતમેં છિપકે સેવન કરતા હૈ, મૈં ઐસા માનતા હૂં કિ વહ જન્મ, જરા, મરણકો ક્ષય કરનેવાલે અમૃતકો છોડકર શીઘ્ર હી પ્રાણોંકે ઘાત કરનેવાલે હલાહલ વિષકો પીતા હૈ. ૧૩૪૮.

*(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૧૦૧)*

✻ જો યહ જવાન સ્ત્રી અપની સુંદરતારૂપી જલસે ભરી હુઈ નદીકે સમાન માલૂમ હોતી હૈ યહી વહ સ્ત્રી હજારો દુઃખરૂપી તરંગોંસે ભરી હુઈ ભયાનક નર્કકી વૈતરણી નદીકે સમાન હૈ. ૧૩૪૯. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૨૦)*

✻ જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે જીવ વિચારે છે કે શરીરરૂપ મહેલ જુદો છે, કર્મરૂપ પલંગ જુદો છે, માયારૂપી પથારી જુદી છે, કલ્પનારૂપ ચાદર જુદી છે, આ નિદ્રાવસ્થા મારી નથી પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય હતી. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહીં વિતાવું. ઉદયનો નિઃશ્વાસ અને વિષયનું સ્વપ્ન, એ બંને નિદ્રાના સંયોગથી દેખાતા હતા. હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્ત ગુણો દેખાવા લાગ્યા. આ રીતે આત્મા અચેતન ભાવોનો ત્યાગી થઈને જ્ઞાનદૃષ્ટિથી જોઈને પોતાનું સ્વરૂપ સંભાળે છે. ૧૩૫૦.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ–૧૫)*

✻ સત્પુરુષોંકે દ્વારા સૂત્રમેં શિક્ષિત કિયા હુઆ પુરુષ શરીર, આહાર, સંસાર, કામ વ ભોગાદિકમેં તત્કાલ હી વિરક્ત હો જાતા હૈ. સત્પુરુષોંકી શિક્ષાકા હી ફલ ઐસા હોતા હૈ, શરીરાદિકમેં વૈરાગ્ય હોનેકે કારણ મોક્ષમાર્ગસે ચ્યુત નહિ હોતા. યહ સ્પષ્ટતયા જાનો. ૧૩૫૩. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩૨)*

વર્ષ–૭
અંક–૮




સંવત
૨૦૬૯
April
A.D. 2013

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની કલ્યાણકારી

૮૧મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે

# સમ્યક્ત્વ–મહિમા–પ્રકાશક ભક્તિ પુષ્પો

* જે પુરુષ સમ્યગ્દર્શન વડે પદાર્થનો સમ્યક્ નિર્ણય કરીને ધર્મચક્રના ધારક તીર્થંકર થાય છે તેમના ચરણકમળ અમરપતિ, અસુરપતિ, નરપતિ અને સંયમીઓના પતિ ગણધરદેવ દ્વારા વંદનીક છે અને તેઓ લોકમાં ઉત્કૃષ્ટ શરણ છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

* જ્ઞાન તથા ચારિત્રથી સમ્યગ્દર્શન ઘણું જ વિશેષ છે એમ જાણીને જ્ઞાની એનું સેવન કરે છે. એ કારણે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગનો કર્ણધાર કહ્યો છે. જેમ સમુદ્રમાં જહાજને નાવિક પાર કરે છે તેમ અપાર સંસારસમુદ્રમાં રત્નત્રયરૂપી જહાજને પાર કરવામાં સમ્યગ્દર્શન નાવિક સમાન છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

* પ્રાણોનો નાશ કરનાર વિષનું ભક્ષણ કરવું સારું છે, વાઘ આદિ હિંસક જીવોથી ભરેલા વનમાં રહેવું સારું છે તથા અગ્નિની જ્વાળામાં પ્રવેશ કરવો પણ સારો છે. પરંતુ મનુષ્યે મિથ્યાત્વ સહિત જીવિત રહેવું સારું નથી.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

* શ્રી આચાર્યદેવ કહે છે કે જેને દર્શનની વિશુદ્ધિ થઈ ગઈ છે તે પવિત્ર આત્મા મુક્ત જ છે—એમ અમે માનીએ છીએ. કેમ કે દર્શનશુદ્ધિને જ મોક્ષનું મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)*

✽ ભેદજ્ઞાનીના ચિત્તમાં શુદ્ધ આત્મદર્શનથી રહિત આ સર્વજગત ઉન્મત્ત, ભ્રાંતિયુક્ત, બંને નેત્રરહિત, દિશા ભૂલેલું, ગાઢ નિદ્રામાં સૂતેલું, અવિચારી, મૂર્છા પામેલું, જળના પ્રવાહમાં તણાતું, બાળકના જેવી અજ્ઞાન અવસ્થાવાળું તથા મોહરૂપી ઠગોથી પીડિત દશા પામેલા જેવું, ગાંડા જેવું અને મોહ-ઠગોએ પોતાને આધિન કરેલું વ્યાકુળ થયેલું જણાય છે. *(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી)*

✽ જેઓ શુદ્ધ આત્મસ્વરૂપને કદાપિ છોડતા નથી તેઓ સારી રીતે કરેલા અભ્યાસના બળથી પરલોકમાં જતાં પણ નિશ્ચયથી (શુદ્ધસ્વરૂપની દષ્ટિને) તજતા નથી.

શુદ્ધ ચિદ્રૂપના ચિંતનમાં સદા એવો અભ્યાસ કરવો કે સંક્લેશમાં તથા મરણમાં પણ તે વિનાશ પામે નહિ. *(શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી)*

✽ પોતાના આત્માને નિર્મળ સમ્યગ્દર્શનથી વિભૂષિત કરીને પ્રાણીઓનું નરકમાં રહેવું પણ ભલું છે. પરંતુ કઠિનતાથી જેનો નાશ થાય છે એવા મિથ્યાત્વરૂપી વિષના સેવનપૂર્વક સ્વર્ગમાં રહેવું પણ ભલું નથી. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

✽ મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેના કરતાં ધતૂરાથી ઉપજેલ મોહ સારો છે, દર્શન-મોહ અનંતાનંત જન્મ-મરણ વધારે છે, ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કર છે. મિથ્યાદર્શન અનંતાનંત ભવપર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ-મરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે. *(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી-આરાધના)*

✽ હે ભવ્ય જીવ! સમ્યગ્જ્ઞાનની આરાધના કરો. આ સમ્યગ્જ્ઞાન પાપરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે. મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે. કામરૂપી સર્પને વશ કરવાને મંત્ર સમાન છે. મનરૂપી હાથીને વશ કરવાને સિંહ સમાન છે. આપદારૂપી મેઘને ઉડાડી દેવા પવન સમાન છે. સમસ્ત તત્ત્વનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે તથા પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપી માછલાને પકડવા જાળ સમાન છે.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)*

✽ જેને સમ્યગ્દર્શન જ શરણ છે તે પુરુષ શિવ અર્થાત્ નિરાકુળતા લક્ષણ મોક્ષ એનો અનુભવ કરે છે. કેવા છે શિવ? જેને વૃદ્ધાવસ્થા નથી, અનંતાનંતકાળ સુધી જ્યાં આત્મા ઝીર્ણ નથી થતો, જ્યાં રોગ, પીડા, વ્યાધિ નથી તથા અક્ષય અર્થાત્ જેમાં અનંત ચતુષ્ટય સ્વરૂપનો નાશ નથી થતો, જ્યાં કોઈ પ્રકારની બાધા નથી, શોક, ભય, શંકા જ્યાં નષ્ટ થઈ ગયા છે, સુખ તથા જ્ઞાનનો વૈભવ જ્યાં પરમપદને પ્રાપ્ત થયો છે. દ્રવ્યકર્મ તો

જ્ઞાનાવરણાદિક, ભાવકર્મ રાગદ્વેષાદિક અને નોકર્મ શરીરાદિક એ પ્રકારે કર્મમળના અભાવથી વિમળ છે, એવા અદ્વિતીય સ્વરૂપ મોક્ષને સમ્યગ્દષ્ટિ જ અનુભવ કરે છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✻ જો કોઈ જીવ અર્ધ નિમિષ એટલે આંખના ટમકાર માત્ર પણ પરમાત્મતત્ત્વમાં અનુરાગ કરે તો જેમ અગ્નિની કણી લાકડાના મોટા ગંજને બાળી નાખે તેમ તે જીવ સમસ્ત પાપોને બાળી નાખે છે. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ)*

✻ જેમ દઢ નૌકામાં બેઠેલા મનુષ્યને વિસ્તીર્ણ નદીમાં જળ વધવા છતાં પણ મુસાફરીનો ભય થતો નથી, તેમ જે પુરુષ શરીરના ક્ષણિક અને અપવિત્ર સ્વભાવને તે પ્રકારે સમજ્યો છે તથા વાસ્તવિક આત્મશાંતિનો કોઈ અંશ જેને અનુભવ થયો છે, તે પુરુષ રોગાદિની વૃદ્ધિમાં પણ ખેદ પામતો નથી. *(શ્રી આત્માનુશાસન)*

✻ વહી સમ્યગ્દર્શન શુદ્ધ કહા ગયા હૈ જહાં આત્માકે સ્વરૂપમેં શંકા ન કી જાવે, ઉસી સમ્યક્ત્વમેં જમે રહના ચાહિએ. કિસી ભી સ્થાન પર રહો, કિસી ભી સ્થાન પર યહ સમ્યક્ત્વ પૈદા હો સકતા હૈ. યહ સમ્યક્ત્વ હી શ્રેષ્ઠ હૈ, દૃઢ હૈ વ પ્રમાણરૂપ હૈ. યહ સમ્યક્ત્વ કિસી જીવકો હી પ્રકાશ હોતા હૈ. કોઈ હી જીવકી દૃષ્ટિ અપને અર્થ પર જાતિ હૈ.

*(શ્રી જ્ઞાનસમુચ્ચયસાર)*

✻ જે તત્ત્વ જ્ઞાનરૂપ છે, પરમ મુનિગણો જેનું ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, જે તત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણલોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં સ્થિત છે, જે તત્ત્વ દિવ્ય કેવળજ્ઞાન આદિ શરીરરૂપ છે અને જે તત્ત્વ શાંત જીવોમાં સિદ્ધ (પ્રાપ્ત) થાય છે, તે તત્ત્વ જેના નિજ મનમાં શુદ્ધ પ્રકાશમાન થાય છે તે જીવ મુક્તિને પામે છે.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ)*

✻ ત્રણ લોકમાં એવું કોઈ સુખ નથી કે જે સમ્યગ્દર્શનરૂપી ધનના પ્રભાવથી જીવને પ્રાપ્ત ન હો. તેથી જે જીવ સુખી થવા ઇચ્છે છે તેણે તે સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

✻ મંદકષાયરૂપ ઉપશમભાવ, શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાન, પાપના ત્યાગરૂપ ચારિત્ર અને અનશનાદિરૂપ તપ તેનું જે મહત્વ છે તે સમ્યક્ત્વ સહિતપણાને લઈને છે. સમ્યક્ત્વ વિના એ બધું પથ્થરની માફક ભારરૂપ છે. એ જ ઉપશમ આદિ ભાવો સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ સમાનપૂજનિક થઈ પડે. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન)

* ભેદજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ, શીતલ ચિત્ત ભયૌ જિમ ચંદન,
કેલિ કરૈ શિવ મારગમૈં, જગમાહિં જિનેસુરકે લઘુનન્દન;
સત્યસરૂપ સદા જિન્હકૈ, પ્રગટ્યો અવદાત મિથ્યાત-નિકંદન,
શાંતદશા તિન્હકી પહિચાની, કરૈ કર જોરિ બનારસિ વંદન. *(શ્રી સમયસાર નાટક)*

* વિદ્યા એટલે જ્ઞાન અને વ્રત એટલે ચારિત્ર. એની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળનો ઉદય તે સમ્યક્ત્વ વિના નથી થતો; જેમ ''બીજ''નો અભાવ હોવાથી વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ તથા ફળનો ઉદય નથી થતો. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

* આ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયમયી જૈનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની ઔષધ છે. દુઃખોની મહાન આગને બુજાવવા જળની વૃષ્ટિ છે તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ)*

* આ જ્ઞાનરૂપી ધન એવું વિલક્ષણ છે કે જેને ચોર ચોરી નથી શકતા, પુત્રાદિ મર્યા બાદ લઈ નથી શકતા, રાજા છોડાવી નથી શકતા તથા બીજા લોકો આંખોથી જોઈ નથી શકતા. આ જ્ઞાનધન જેની પાસે હોય છે તે લોકમાં ધન્ય સમજાય છે.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

* જો પુરુષ અજ્ઞાની હૈં—વાસ્તવિકરૂપસે હિત-અહિતકો નહીં પહિચાનતે, ઉનકા પુત્ર-સ્ત્રી આદિ હી સંસાર હૈં, કિન્તુ જો વિદ્વાન હૈં, શાસ્ત્રોંકા અક્ષરાભ્યાસ તો કર ચુકે હૈં પરંતુ આત્મધ્યાનસે શૂન્ય હૈં ઉનકા સંસાર શાસ્ત્ર હૈં. *(શ્રી યોગસાર પ્રાભૃત)*

* ભેદવિજ્ઞાની મહાત્મા ચૈતન્યસ્વરૂપના પ્રતિઘાતક એવા કર્મોના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરી નાંખે છે. કેવી રીતે?—કે જેવી રીતે અગ્નિ ઘાસના ઢગલાને ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખે છે તેવી રીતે. *(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી)*

* જે પ્રાણી જિનેન્દ્રભગવાન દ્વારા કહેલાં તત્ત્વોમાં એક ક્ષણમાત્ર પણ શ્રદ્ધા કરે છે તે અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવાની પરિપાટીને તોડી નાખે છે.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ)*

* જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે. જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને મમતા અને મમતા પ્રત્યે જેને દ્વેષ છે, જેમની દૃષ્ટિમાત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે તે

સમ્યગ્જ્ઞાની જીવોને વિષયભોગ પણ સમાધિ છે, હાલવું—ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે. *(શ્રી સમયસાર નાટક)*

✻ જિનેન્દ્રના ભક્તો જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તે દેવો અપ્સરાની સભામાં ચિરકાળ સુધી રમે છે તથા અણિમા, મહિમા, લધિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વાદિ જે આઠ ગુણથી સંયુક્ત તથા સર્વ દેવોમાં ઉત્કૃષ્ટ એવી કાંતિ, તેજ, યશ એનાથી યુક્ત એવા સ્વર્ગલોકમાં રમે છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

સ્વારથકે સાચે પરમારથકે સાચે ચિત્ત,
　　સાચે સાચે વૈન કહૈં સાચે જૈનમતી હૈં.
કાહૂકે વિરુદ્ધિ નાહિ પરજાય બુદ્ધિ નાહિ,
　　આતમગવેષી ન ગૃહસ્થ હૈં ન જતી હૈં.
સિદ્ધિ રિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમૈં પ્રગટ સદા,
　　અંતરકી લચ્છિસૌં અજાચી લચ્છપતી હૈં.
દાસ ભગવન્ત ઉદાસ રહૈં જગતસૌં,
　　સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.

*(શ્રી સમયસાર નાટક)*

✻ અસંયમી સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોનું પ્રમાણ સાતસો કોટી છે.

*(શ્રી ધવલા, પુસ્તક—૫)*

✻ જિન અર્થાત્ પરમાત્મા એમના સ્વરૂપમાં ભક્તિ અર્થાત્ અનુરાગ છે જેને એવા સમ્યગ્દૃષ્ટિ ભવ્ય છે. તેઓ આ મનુષ્યભવમાંથી સ્વર્ગલોકમાં જઈને અપ્રમાણ છે ઋદ્ધિ, શક્તિ, સુખ, વૈભવ જ્યાં એવા દેવેન્દ્રની મહિમા પામીને પાછા પૃથ્વીમાં આવીને બત્રીસ હજાર રાજાના મસ્તક પર પૂજનીય એવા રાજેન્દ્ર જે ચક્રવર્તીના ચક્રને પામીને ફરી અહમિન્દ્રલોકની મહિમાને પામીને નીચે કર્યું છે સમસ્ત લોક જેમણે એવા ભગવાન તીર્થંકરના ધર્મચક્રને પામીને નિર્વાણને પ્રાપ્ત થાય છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✻ અનંત સંસાર-ભ્રમણ કરી રહેલો એવો હું હવે એ અનાદિ પરિભ્રમણના આત્યંતિક અભાવને અર્થે પૂર્વે ક્યારેય પણ નહિ ભાવેલી, નહિ ચિંતવેલી અને નહિ પ્રતીત કરેલી એવી સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવનાને ભાવું, આરાધુ તથા પૂર્વે અનંતવાર ભાવેલી એવી મિથ્યાદર્શનાદિક દુર્ભાવનાનો ત્યાગ કરું. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન)*

✻ જેને દર્શનમોહ નથી એવા ગૃહસ્થ મોક્ષમાર્ગી છે અને જે મોહવાન એવા

ગૃહરહિત અનગાર તે મોક્ષમાર્ગી નથી એટલે જ મોહવાન મુનિની અપેક્ષાએ દર્શનમોહ રહિત ગૃહસ્થ છે તે ઉત્કૃષ્ટ છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✽ સમ્યગ્દર્શનથી યુક્ત, ચંડાલના કુળમાં ઉત્પન્ન થયેલ જીવને પણ ગણધરદેવ 'દેવ' કહે છે, જેમ રાખથી ઢંકાયેલા અંગારાની અંદર તેજ છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✽ જે જીવ સમ્યગ્દર્શનથી શુદ્ધ છે તેઓ વ્રતરહિત હો તોપણ નારકપણે, તિર્યંચપણે, નપુંસકપણે તથા સ્ત્રીપણે ઉપજતા નથી તથા નીચકુળમાં જન્મ, વિકલાંગી થતા નથી તથા અલ્પ આયુના ધારક કે દરિદ્રી થતા નથી. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✽ જેને ઉજ્જ્વલ સમ્યગ્દર્શન છે, તે જીવ સ્વર્ગલોકમાં આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી અહીં મનુષ્યલોકમાં આવીને નવનિધિ, ચૌદ રત્નના સ્વામી, સમસ્ત આર્યક્ષેત્રના બત્રીસ હજાર દેશના પતિ તથા બત્રીસ હજાર મુકુટબંધ રાજાના મસ્તક ઉપર મુકુટરૂપ છે ચરણ જેમનાં, એવા ચક્રને પ્રવર્તન કરવામાં સમર્થ ચક્રવર્તી થાય છે.

*(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✽ જે પુરુષ સમ્યગ્દર્શનથી પવિત્ર છે તેઓ મનુષ્યોના મંડન કરવાવાળા, સમસ્ત મનુષ્યજાતિના મસ્તક ઉપર ધારણ કરવાયોગ્ય એવા મનુષ્યોનું તિલક છે તથા ઓજ, તેજ, વિદ્યા, વીર્ય, યશ, વિજય, વૈભવ એ સમસ્ત ગુણોના સ્વામી હોય છે, મહાન ફળનો સ્વામી થાય છે તથા મહાનધર્મ, મહાઅર્થ, મહાકામ, મહામોક્ષરૂપ ચાર પુરુષાર્થનો સ્વામી હોય છે. સમ્યગ્દર્શનના ધારણ કરવાથી એવા અપ્રમાણ પ્રભાવના ધારક મનુષ્યોના શિરોમણિ થાય છે. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

✽ અનુભવના રસને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે, અનુભવનો અભ્યાસ તીર્થભૂમિ છે, અનુભવની ભૂમિ બધા પદાર્થોને ઉત્પન્ન કરનાર છે, અનુભવ નરકમાંથી કાઢીને સ્વર્ગ–મોક્ષમાં લઈ જાય છે, એનો આનંદ કામધેનુ અને ચિત્રાવલી સમાન છે, એનો સ્વાદ પંચામૃતના ભોજન જેવો છે, એ કર્મોનો ક્ષય કરે છે અને પરમપદમાં પ્રેમ જોડે છે, એના જેવો બીજો કોઈ ધર્મ નથી. *(કવિવર બનારસીદાસજી, નાટક સમયસાર)*

✽ જિનેન્દ્ર ભગવાનનાં ચરણકમળને અવલોકન કરતી એવી સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી છે તે કામી પુરુષોના સુખની ભૂમિ એવી કામિનીની જેમ મને સુખી કરો તથા શુદ્ધસ્વભાવની–શુદ્ધશીલની ધારક માતા જેમ પુત્રનું પાલન કરે તેમ મારું પાલન કરો તથા

શીલ આદિ ગુણ છે આભૂષણ જેનું એવી કન્યા કૂળને પવિત્ર કરે તેમ મને પવિત્ર કરો, ઉજ્જ્વલ કરો. *(શ્રી સમંતભદ્રાચાર્ય, રત્નકરંડશ્રાવકાચાર)*

* જેમ સૂર્ય ઘોર અંધકારનો નાશ કરે છે, પવન વાદળોને નષ્ટ કરે છે, અગ્નિ મહાવનનો નાશ કરે છે, વજ્ર પર્વતનો નાશ કરે છે તેમ સમ્યગ્દર્શન કર્મોનો નાશ કરે છે. *(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર)*

જાકે ઘટ પ્રગટ વિવેક ગણધર કૌંસૌ,
હિરદે હરખિ મહામોહકૌં હરતુ હૈ.
સાચૌં સુખ માનૈ નિજમહિમા અડૌલ જાનૈ,
આપુહી મૈં આપનૌ સુભાઉ લે ધરતુ હૈ.
જૈસેં જલ કર્દમ કતકફલ ભિન્ન કરૈ,
તૈસૈં જીવ-અજીવ વિલછનું કરતુ હૈ.
આતમ સકતિ સાધૈ ગ્યાનકૌ ઉદૌ આરાધૈ,
સોઈ સમકિતી ભવસાગર તરતુ હૈ.

*(શ્રી સમયસાર નાટક)*

* ઇન્દ્રિયોના વિષયોથી તથા ત્રસ-સ્થાવર જીવોની હિંસાથી વિરક્ત નથી પરંતુ જિનેન્દ્રદેવ દ્વારા પ્રવચનનું શ્રદ્ધાન કરે છે તે અવિરત સમ્યગ્દષ્ટિ છે.

*(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતિદેવ, ગોમ્મટસાર)*

* બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે—બંધાય છે અને બહુ પ્રકારના યોગોમાં વર્તતો સમ્યગ્દષ્ટિ પોતાના ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મરજથી લેપાતો નથી.

*(શ્રી કુંદકુંદ આચાર્ય, શ્રી સમયસાર)*

* સર્વ રત્નોમાં મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વ યોગ, મંત્ર, ધ્યાન આદિમાં સમ્યક્ત્વ ઉત્તમ યોગ છે કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમા આદિ ઋદ્ધિઓમાં પણ સમ્યક્ત્વ મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીયે? સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે. *(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)*

* એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણ લોકનું રાજ્ય મળતું હોય તોપણ ત્રણ લોકના રાજ્ય કરતાં સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. ત્રણ લોકનું રાજ્ય

પામીને પણ અમુક નિશ્ચિત કાળ પછી ત્યાંથી પતન થશે જ અને સમ્યગ્દર્શનનો લાભ થતાં અવિનાશી મોક્ષસુખ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણ લોકના રાજ્ય કરતાં સમ્યક્ત્વનો લાભ શ્રેષ્ઠ છે. *(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના)*

* શ્રી આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમે આ સમ્યગ્દર્શનરૂપી અમૃતને પીવો. આ સમ્યગ્દર્શન અનુપમ સુખનો ભંડાર છે. સર્વ કલ્યાણનું બીજ છે. આ સંસાર-સમુદ્રથી તરવા માટે તે જહાજ છે, માત્ર ભવ્ય જીવો જ પામી શકે છે. પાપરૂપી વૃક્ષને કાપવા માટે તે કુહાડી સમાન છે. પવિત્ર તીર્થોમાં તે જ પ્રધાન તીર્થ છે અને મિથ્યાત્વનો તે હણનાર છે.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ)*

* સમ્યગ્દર્શન ચંદ્રમાકે બિંબ સમાન પ્રકાશિત હૈ. સર્વ ગુણોંકી ખાણી હૈ, તીન ભુવનકે પ્રાણીયોંસે વંદનીય હૈ. સમ્યગ્દર્શનકી કાંતિ યા શોભાસે તીન જગતકા ઘર પ્રકાશિત હૈ અર્થાત્ સમ્યગ્દર્શનકી શોભા જગતવ્યાપી હૈ. યહ સમ્યગ્દર્શન પરમ જ્યોતિમય આત્માકી કાંતિ હૈ. ઈસ સમ્યગ્દર્શનકા અનુભવ કરને યોગ્ય હૈ. યહી અવિનાશી ઉત્તમ પદ હૈ. *(શ્રી જ્ઞાનસમુચ્ચયસાર)*

* ચિન્મૂરત દ્રગધારીકી મોહિ રીતિ લગત હૈ અટાપટી,
બાહિર નારકી-કૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી,
રમતિ અનેક સુરનિ સંગપૈ તિસ પરિણતિ તેં નિવ હટાહટી,
જ્ઞાન વિરાગ શક્તિ તેં વિધિફળ ભોગત પૈ વિધિ ઘટાઘટી,
સદનનિવાસી તદપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી,
જે ભવ હેતુ અબુધકે તે તસ કરત બંધકી ઝટાઝટી,
નારક પશુ ષંડ વિકલત્રય, પ્રકૃતિનકી હ્વૈવે કટાકટી,
સંયમધરિ ન સકે પૈ સંયમ ધારન કી ઉર ચટાચટી,
તાસ સુયશ ગુણકી ‘દૌલત’ કે લાગી રહે નિત રટારટી.

* અનુભવ ચિંતામનિ રતન,
અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોખકો,
અનુભવ મોખ સરૂપ.

*(શ્રી નાટક સમયસાર)*

# આત્માનો આશ્ચર્યકારી સર્વજ્ઞ સ્વભાવ

(શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર ૧૫મી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૨, ઉત્તરાર્ધ)

અહા! સ્વભાવરૂપ થઈ ગયેલી પર્યાયના શા માપ! એ તો એક સમયમાત્રમાં બધાના તળિયા લઈ લે! ત્રણ લોક ત્રણ કાળ અલોક કે જેનો ક્યાંય અંત નથી તેને પણ આ પર્યાય જાણી લે છે. પોતાની પર્યાયને જાણતાં કેવળજ્ઞાનમાં બધાના પેટ જણાઈ ગયા છે. પરને જાણતાં બધું જણાઈ ગયું એમ નહીં. सर्वभावान्तरच्छिदेમાં કાંઈ બાકી રહેતું નથી.

કેટલાક એમ કહે છે કે પોતે પોતાને જાણે એ નિશ્ચય પણ પરને જાણે છે એ વ્યવહાર છે માટે અભૂતાર્થ છે. એમ નથી ભાઈ! પોતાના સિવાયના અનંતા અનેરા પદાર્થને જાણવું એ તો એનું નિશ્ચય સ્વરૂપ છે. તેથી તો सर्वभावान्तरच्छिदे કહ્યું છે. એને જાણે છે, એમ કહેવું તે વ્યવહાર છે. બાકી, સર્વનું જાણવું પોતાના જ્ઞાનમાં પોતાથી થાય છે, સ્વભાવભૂત થઈને જાણવું થાય છે. પોતાનો પર્યાય 'પ્રમાણ' તરીકે અને પોતાનો જ પર્યાય તેમાં પ્રમેય થાય છે.

ભાઈ! આ વાસ્તવિક વસ્તુની સ્થિતિ છે. પરમેશ્વરે તેને કરી નથી. પરમેશ્વરે વસ્તુનું સ્વરૂપ આવું છે એમ જાણ્યું છે અને જેમ છે તેમ જણાવ્યું છે. ભાઈ! આત્મા આવો છે તેને એવો ન માન ત્યાં સુધી તારી પ્રતીત સાચી નથી. જેમાં રમણતા કરવી છે તેની સાચી પ્રતીતિ થયા વગર રમણતા ક્યાંથી થાય!

આટલો મોટો ભગવાન આત્મા!! એ અમારો ઈષ્ટદેવ છે.

હાલતાં-ચાલતાં સિદ્ધ જેવા અમૃતચંદ્રાચાર્યદેવ એ કાંઈ શરીરરૂપ ન હતાં, રાગરૂપ ન હતાં. એ તો આત્મારૂપ હતાં. તેને આ શબ્દોના કર્તા તરીકે ઓળખવા એ કાંઈ તેમનું સાચું સ્વરૂપ નથી, નિમિત્તની વાતો છે. આચાર્યદેવ કહે છે, અમે અમારી અનુભૂતિની ક્રિયા દ્વારા સર્વજ્ઞ થશું અને એ રીતે સ્વાનુભૂતિની ક્રિયા દ્વારા અનંતા સર્વજ્ઞ થયા છે તેને અમે નમસ્કાર કરીએ છીએ. અમારું વલણ—નમન ત્યાં છે, અમે બીજાને નમતા નથી.

અન્યમતમાં કથા આવે છે કે તુલસીને શ્રીકૃષ્ણે દર્શન આપ્યા ત્યારે તુલસી કહે છે

હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો તારો ઉપયોગ પલટાવી નાખ અને આત્મામાં ગમાડ. આત્મામાં ગમે તેવું છે. —પૂજ્ય બહેનશ્રી

કે એમ મારું માથું નહિ નમે. તમે ધનુષ-બાણ હાથમાં લ્યો અને રામનું રૂપ લ્યો તો મારું માથું નમશે, બાકી નહીં નમે, તેમ અહીં કહે છે કે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારો આત્મા છે એમ જે માનશે તેને અમારું માથું નમશે, બાકી નહીં નમે. જેણે અમારા આત્માને અને સર્વને પોતાની સ્વાનુભૂતિની ક્રિયા વડે જાણ્યા છે તે અમારાં ઈષ્ટદેવ છે તેને જ અમારું મસ્તક નમશે, બીજે નહીં નમે. આમ, આ चित्स्वभावाय, भावाय, सर्वभावान्तरच्छिदे આદિ વિશેષણોથી શુદ્ધ આત્માને જ ઈષ્ટદેવ તરીકે નમસ્કાર કર્યાં છે. નિશ્ચયથી અમારો આત્મા આવી શક્તિવાળો હોવાથી એ જ ઈષ્ટદેવ છે.

પરમ અધ્યાત્મ તરંગિણી–ટીકામાં सर्वभावान्तरનો અર્થ જરા બીજી રીતે કર્યો છે કે પોતાના સ્વભાવથી અનેરા જે વિકારીભાવ હતાં એને જેણે પૃથક કરી નાખ્યા–વિકારને છેદી નાંખ્યા, સ્વભાવને પ્રગટ કર્યો અને ધ્રુવ તો ત્રિકાળ છે જ. એવો અર્થ પણ થઈ શકે છે.

આ પ્રમાણે, શુદ્ધાત્માને ઈષ્ટદેવ તરીકે સિદ્ધ કરી નમસ્કાર કર્યાં છે. આહાહા! માંગલિકમાં તો પરમાત્માને નીચે ઉતાર્યા છે. પ્રભુ! અમારી પાસે આવો! આવ્યા વિના નહિ ચાલે. રામચંદ્રના નાનપણની વાત આવે છે ને! બાળક રામને રાત્રે આકાશમાં ચંદ્રમા દેખાતો હતો. તેને નીચે ઉતારવો હતો. તે માટે જરા રડ્યા ત્યારે પિતા દશરથ દિવાનને કહે છે કે રામ કેમ રડે છે? જરા તપાસ કરો!....અન્નદાતા! હું રાજનું કામ કરું અને બાળકને પણ રમાડું? હા. એ ઉત્તમ પુરુષ છે! બળદેવ છે! તેની સ્વર્ગ અને મુક્તિ સિવાય બીજી ગતિ ન હોય. આવા પુરુષ કેમ રડે છે તે તપાસ કરો! દિવાને જોયું કે રામ, ચંદ્રમા લેવા માટે રડે છે. રામને હાથમાં અરીસો આપ્યો. તેમાં ચંદ્રનું પ્રતિબિંબ પડ્યું એટલે રામ ખુશી થયાં. ચંદ્રને પોતાના ખિસ્સામાં મૂકી દીધો. બાળકપણે પણ રામચંદ્રજીના પરમાત્માને નીચે ઉતારવાના આવા ચાળા હતા. ભગવાન! નીચે ઉતરો, અમારી પાસે આવો. અમારા હૃદયમાં બિરાજો!

તેમ અહીં અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે અનંતા પરમાત્મા બિરાજે છે તેને અહીં અમારા જ્ઞાનમાં લાવો! અહીં લાવો! જુઓ! કુંદકુંદાચાર્ય તો અનંતા સિદ્ધોને નમસ્કાર કરશે જ પણ તે પહેલાં અમૃતચંદ્રદેવ માંગલિકમાં ઈષ્ટદેવને પધરાવે છે. અમને અમારો શુદ્ધાત્મા ઈષ્ટદેવ છે પણ તે હજુ સાધકદશામાં છે. આપને પૂર્ણદશા પ્રગટી છે માટે આપને અમે નમસ્કાર કરીએ છીએ. આપ સિવાય કોઈને અમે ઈષ્ટદેવ માનતા નથી. એમ કહીને ઈષ્ટદેવને નમસ્કાર કરે છે.

આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે. –**પૂજ્ય બહેનશ્રી**

આ (૧) भावाय (૨) चित्स्वभावाय (૩) स्वानुभूत्याचकासते અને (૪) सर्वभावान्तरच्छिदे આ ચારેય વિશેષણમાં અસ્તિથી પરમાત્માનું સ્વરૂપ બતાવ્યું છે. નાસ્તિથી વાત જ કરી નથી કેમ કે આવું સ્વરૂપ જાણતાં સંવર-નિર્જરાની પર્યાયથી આત્માને સાધતાં આસ્રવ અને બંધ તેમાં નથી એનું જ્ઞાન તેમાં આવી જાય છે. બીજી રીતે કહીએ તો નિશ્ચયનું જ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન તેમાં આવી જાય છે. અસ્તિપણે આત્માનું ઉપર કહ્યું તેવું સ્વરૂપ જાણતાં સ્વાનુભૂતિની ક્રિયા વડે તેનો મોક્ષ થાય છે તેમાં જીવ, જીવનો ભાવ સંવર-નિર્જરા અને મોક્ષ આ ચાર તત્ત્વનું ભાન થતાં તેમાં અજીવ, પુણ્ય, પાપ અને આસ્રવ-બંધ નથી એનું જ્ઞાન આવી જાય છે.

આમ, નિશ્ચયનું જ્ઞાન થતાં વ્યવહારનું જ્ઞાન સાથે આવી જાય છે પણ વ્યવહારનું જ્ઞાન થતાં નિશ્ચયનું જ્ઞાન સાથે ન આવે. સ્વનું ભાન થતાં પરનું જ્ઞાન પણ સાથે થઈ જાય એવો જીવનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે.

આ શ્લોકમાં અસ્તિની જ વાત કરી છે. જીવ, જીવનો ભાવ સ્વાનુભૂતિની ક્રિયા અને પૂર્ણદશા—મોક્ષ એટલે જીવ દ્રવ્ય અને તેના ત્રણ શુદ્ધ તત્ત્વોની જ વાત લીધી છે. તેમાં અનેરા બધા ભાવોનું જ્ઞાન આવી જાય છે કેમ કે सर्वभावान्तरच्छिदे છે ને! એ પર્યાય જ એવી છે કે પોતાને જાણતાં અનંત સર્વ દ્રવ્યોને જાણે એવો જ તેનો સ્વભાવ છે.

આ સમયસારની 'આત્મખ્યાતિ' ટીકા શરૂ કરતાં અમૃતચંદ્રઆચાર્યે આવું માંગલિક કર્યું છે. હવે તેનો ભાવાર્થ જયચંદજી પંડિત કરે છે. આ તો સાદી સીધી વાત છે. કાંઈ ગૂંચવણવાળી વાત નથી. સંસારમાં તો ગૂંચવણના પાર નથી. સૂતરમાં ગૂંચ પડી જાય તો ખોલવી અઘરી પડે તેમ સંસારની ગૂંચ ઉકેલવી કઠણ છે પણ ધર્મનો માર્ગ તો સીધો ને સરળ છે. યોગસારમાં આવ્યું હતું કે સિદ્ધના મહેલ સુધી પહોંચી જાય એવી આ સડક છે. સ્વાનુભૂતિની ક્રિયારૂપી સડક એવી છે કે તે સીધી પૂર્ણાનંદની પ્રાપ્તિ કરાવી આપે. ભગવાન આત્માના એકરૂપ સ્વરૂપની શ્રદ્ધા કરતો, એકરૂપનું જ્ઞાન કરતો અને એકરૂપમાં ઠરતો આત્મા સીધી સડકે કેવળજ્ઞાને પ્રાપ્ત કરી લે છે. તેને બીજી ગતિમાં કે બીજા ભાવમાં કે બીજે ક્યાંય રખડવાપણું હોય નહિ.

ભાવાર્થ :—અહીં મંગળ અર્થે શુદ્ધાત્માને નમસ્કાર કર્યો છે. કોઈ એમ પ્રશ્ન કરે કે ઈષ્ટદેવ તરીકે નમો ઋષભદેવાય કે નમો મહાવીરાય એમ નામ લઈને નમસ્કાર કેમ ન

**અંતરના ઊંડાણથી પોતાનું હિત સાધવા જે આત્મા જાગ્યો અને જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે. –પૂજ્ય બહેનશ્રી**

કર્યો? તેનું સમાધાન—વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ છે. સર્વે સિદ્ધો, અરિહંતો અને શુદ્ધ આત્માનું સ્વરૂપ સર્વકર્મરહિત હોવાથી સર્વજ્ઞ અને વીતરાગ જ છે તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસારને નમસ્કાર કરતાં આ ત્રણ વિશેષણયુક્ત બધા ઈષ્ટદેવ આવી ગયા. સમયસારના વિશેષણો—भावाय, चित्स्वभावाय, ચિત્સ્વભાવાય આદિ વર્ણવીને અન્યમતવાદીઓના પક્ષનું નિરાકરણ કર્યું છે.

વળી, અન્યમતવાદીઓ માંગલિકમાં પોતાના ઈષ્ટદેવનું નામ લે છે પણ તેમાં ઈષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી, બાધાઓ આવે છે, કારણ કે તેમનામાં સર્વકર્મરહિતતા, સર્વજ્ઞતા કે વીતરાગતા સિદ્ધ થતી નથી. સ્યાદ્વાદી જૈનોને તો સર્વજ્ઞ વીતરાગ શુદ્ધાત્મા જ ઈષ્ટ છે. એક સમયમાં પૂર્ણજ્ઞાન અને પૂર્ણ સ્થિરતાવંત આત્મા જ સ્યાદ્વાદીને ઈષ્ટ છે. તેને કર્મનો એક અંશ પણ બાકી રહ્યો નથી. આવા ઈષ્ટદેવને પરમાત્મા કહો, પરમજ્યોતિ કહો, પરમેશ્વર કહો બધું એક જ છે. સ્યાદ્વાદી પરમેશ્વરને માનતા નથી એમ નથી. આવા પરમેશ્વરને જ સ્યાદ્વાદી ઈષ્ટદેવ માને છે. પરમેશ્વર જગતનો કર્તા-હર્તા છે એવું માનતા નથી. શ્રીમદે આત્મસિદ્ધિમાં કહ્યું ને! 'કર્તા-ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ.' પૂર્ણ શુદ્ધતા જેને પ્રગટ થઈ છે તે ઈશ્વર છે અને શક્તિરૂપે તો બધા આત્મા ઈશ્વર છે.

જેને ઈશ્વરતા પ્રગટ થઈ છે તેને પરબ્રહ્મ એટલે ઉત્કૃષ્ટ આનંદસ્વરૂપ કહો કે શિવ કહો, નામ ભલે કોઈપણ હો પણ ઉપર કહ્યા તેવા ગુણો જેને પ્રગટ થઈ ગયા છે એવા નિર્મળ પર્યાયવંત જ પરમાત્મા છે. જગત જેને શિવ કહે છે તેમાં આવી નિર્મળતા છે એમ કહેવું નથી. ભગવાનને જરાય અંજન નથી માટે નિરંજન કહો, કલંક નથી માટે નિષ્કલંક કહો, ક્ષય થવાનો ન હોવાથી અક્ષય કહો, નાશરહિત હોવાથી અવ્યય કહો. સંપૂર્ણ ક્ષય તો થવાનો નથી પણ અવ્યય એટલે થોડો પણ નાશ થવાનો નથી.

પરમેશ્વરને શુદ્ધ કહો, બુદ્ધ કહો કેમ કે પૂર્ણજ્ઞાનવાન છે. પેલાં બુદ્ધ છે તે પરમેશ્વર નથી પણ જે પરમેશ્વર છે તે બુદ્ધ નામથી ઓળખાવી શકાય છે. સમયસાર એટલે પરમેશ્વરનું વાચક અને પરમેશ્વર વાચ્ય છે. પરમેશ્વરને સાક્ષાત્ દશા પ્રગટ થઈ છે અને આત્મા તેવા સ્વરૂપે ત્રિકાળ છે તેને બતાવનારું હોવાથી સમયસાર શાસ્ત્ર તેનું વાચક છે.

પરમાત્માના સ્વરૂપને 'અવિનાશી' પણ કહેવાય કેમ કે તે સ્વરૂપનો કદી નાશ થવાનો નથી, તેને કોઈની ઉપમા લાગુ પડે તેમ નથી માટે 'અનુપમ' પણ કહેવાય. તેને

**આત્માની ખરેખરી લગની લાગે ને અંદરમાં માર્ગ ન થાય એમ બને જ નહિ.**
**–પૂજ્ય બહેનશ્રી**

ઉપમા તેની પોતાની છે. સિદ્ધને સિદ્ધની ઉપમા છે, બીજા કોઈની લાગુ પડતી નથી. શક્તિએ આત્મા પણ એવો જ છે.

વળી, પરમાત્મા છેદાઈ નહિ, ભેદાય નહિ એવા હોવાથી 'અછેદ્ય' અને 'અભેદ્ય' છે. પરમપુરુષ કોઈ અવતાર લેતાં નથી કે જગતને બનાવતાં નથી. પૂર્ણદશાને પામ્યા છે માટે જ ભગવાન 'પરમપુરુષ' છે. ભગવાનના સ્વરૂપને કોઈ બાધા નહીં હોવાથી 'નિરાબાધ' છે. જેવું તેમનું સત્‌સ્વરૂપ હતું તેવા સ્વરૂપને પરિણમી ગયા હોવાથી ભગવાન સિદ્ધ અને સત્યાત્મા છે. રાગ-દ્વેષ અને અજ્ઞાન છે તે અસત્યાત્મા છે. પૂર્ણ નિર્મળતા સહિત આત્મા જ સત્યાત્મા છે. ભગવાન ચિદાનંદરૂપી આનંદ અમૃતનું પૂર છે. જેમ નદીમાં પાણીના પૂર વહે છે તેમ પરમાત્મામાં આનંદના પૂર વહે છે. નજર તો કર ત્યાં! પાર વિનાનો અપાર આનંદ છે. એવો જ તારો સ્વભાવ છે અને પરમાત્માને તો એવો સ્વભાવ પૂર્ણપણે પ્રગટ થઈ ગયો છે.

ભગવાનને સર્વજ્ઞ કહો, વીતરાગ કહો કે અર્હત્ અર્થાત્ પૂજવાયોગ્ય કહો તે આવા આત્મા છે કે જેણે સ્વાનુભૂતિની ક્રિયા વડે સર્વ ભાવાંતરોને જાણી લીધા છે. તેમને જિન કહો, આપ્ત કહો, ભગવાન કહો કે સમયસાર કહો....આવા હજારો નામોથી કહો, વાચ્ય એક જ છે. એક હજાર આઠ નામોથી ભગવાનની સ્તુતિ કરી છે ને! ભગવાનને પુણ્યવંત એટલે કે પવિત્રતાવંત પણ કહ્યા છે. ભગવાન તો આનંદનો પ્યાલો છે. આવા કોઈપણ નામથી ભગવાનને કહો પણ તેના ગુણોનું વાચક હોવું જોઈએ. ભગવાનમાં જે ન હોય તેને અધ્ધરથી લાગુ પાડી શકાય નહીં અને જેનામાં આવા ગુણો નથી તેને ભગવાન કહી શકાય નહી.

ભગવાન અનંત નામોથી કહી શકાય છે. તેથી સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે. સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે પણ સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી. માટે અર્થ યથાર્થ સમજવો જોઈએ. સહજાનંદી પણ કહેવાય કેમ કે પ્રભુ સહજ સ્વરૂપના સ્વામી છે અને શુદ્ધ આત્મા પણ સહજસ્વરૂપનો સ્વામી છે.

આમ, કોઈપણ ગુણવાચક નામો વડે ઈષ્ટદેવને નમસ્કાર કરીને બધા ઈષ્ટદેવને નમસ્કાર દ્વારા માંગલિક થઈ શકે છે. (ક્રમશઃ)

આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું જ છે. –**પૂજ્ય બહેનશ્રી**

# મનોજ્ઞ વિષયોના રસથી આત્મા લુંટાય છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૫, પૂર્વાર્ધ)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૩૮ ગાથામાં યોગીન્દુદેવ પંચેન્દ્રિયના સુખને વિનાશિક બતાવે છે. આત્માનો આનંદ નિત્ય છે જ્યારે વિષયસુખ ક્ષણિક છે અને દુઃખરૂપ છે એમ બે વાત બતાવે છે.

ભગવાન આત્મા વીતરાગ પરમાનંદની મૂર્તિ છે. તેને બીજા વિકલ્પો છૂટી જવા અને એક જ્ઞેયમાં સ્વ એકાકાર થવું તેને આનંદરસ કહે છે. આત્માનો આનંદસ્વભાવ ત્રિકાળ છે અને તેમાં એકાકાર થતાં જે આનંદ ઉત્પન્ન થાય છે તે પણ કાયમ રહેશે. જ્યારે વિષયસુખમાં એકાકાર થતાં, જે કલ્પિત સુખ લાગે છે તે ખરેખર ઝેર છે પણ અજ્ઞાનીને સુખ લાગે છે. તે સુખ કેવું છે? કે વિષયોનું સુખ બે દિવસનું છે એટલે કે થોડા કાળનું છે પણ તેના ફળમાં જે દુઃખ મળે છે તેમાં ઘણો કાળ-દુઃખની પરિપાટી ચાલે છે.

'વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ.'

નિત્ય વીતરાગ પરમાનંદ એક સ્વભાવમાં એકાકાર થતાં ધ્યાનમાં તેનો રસ આવતાં એક જ જ્ઞેયમાં એકાકારપણાનો એવો રસ આવે છે કે બીજા જ્ઞેય તરફ લક્ષ જતું નથી, બીજા જ્ઞેયનો વિકલ્પ પણ ઉત્પન્ન થતો નથી એવા આત્મરસમાં એકાકાર થવું. તે આત્મા નિત્ય ટકતી વસ્તુ હોવાથી તેમાં એકાકારદશા પણ કાયમ રહેવાવાળી છે, તે આનંદદશા કાયમ ટકવાવાળી છે. તેનાથી વિરુદ્ધ વિષયના સુખો બે દિવસના એટલે કે ક્ષણિક છે. પછી તો એકલા દુઃખના દેવાવાળા છે. દુઃખની લાંબી પરિપાટી ચાલે છે.

આત્મા આનંદસ્વરૂપ હોવાથી તેને વિષય બનાવતાં જે આનંદ પ્રગટ થાય તે કાયમી આનંદ આપે છે. માટે અહીં એકલાં ઇન્દ્રિયવિષય છોડવાની વાત નથી. સ્વવિષય બનાવીને ઇન્દ્રિયવિષય છોડે તો વિષય છોડ્યા કહેવાય.

વિષયોમાં એકલી દુઃખની પરિપાટી છે. વિષયો આકુળતાના ઉપજાવનારા છે એટલું

આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું.
–પૂજ્ય બહેનશ્રી

જ નહિ તેની શ્રૃંખલા ચાલે છે. માટે તે ઝેર જેવા છે. પરવિષયના રસથી જે કર્મ બંધાય છે તેના ફળમાં સંયોગો મળે છે. તેપણ ઘણો સમય રહે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તીનું દૃષ્ટાંત લ્યો– તો તેણે ૭૦૦ વર્ષ વિષયસુખ લીધું. તેમાં બાળપણમાં તો શું હોય! છતાં ૭૦૦ વર્ષ ગણો તો અસંખ્ય સમય થાય તેના ફળમાં અત્યારે એ સાતમી નરકના દુઃખમાં પડ્યો છે. ૩૩ સાગરની સ્થિતિ છે. એક સાગરોપમમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ હોય છે. તે પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. તેની પાસે ૭૦૦ વર્ષના વિષયસુખની શું ગણતરી? સાતમી રૌવરૌવ નરકમાં ૩૩ સાગરનું દુઃખ! ૩૩ સાગરના અસંખ્ય અબજ વર્ષ થાય એટલો કાળ એકલું દુઃખ. ૭૦૦ વર્ષના વિષયસુખના ફળમાં દુઃખની પરિપાટી કેટલી! આહાહાહા! વિચાર તો કરો! એક એક સમયના કાળમાં અસંખ્ય વર્ષનું દુઃખ આવ્યું!

માટે, આવું બે દિવસના વિષયસુખનું ફળ દુઃખની પરિપાટી છે એમ જાણી, હે ભોળા જીવ! તું મૂરખની જેમ, પોતે જ પોતાની ખંભા ઉપર કુહાડી ન ચલાવ! ભગવાન આત્મામાં આનંદ છે તેની રુચિ નહીં, દૃષ્ટિ નહીં, વલણ નહીં, સાવધાની નહીં અને આ વિષયોના દુઃખમાં તને કલ્પિતસુખની ભ્રાંતિ થઈ ગઈ છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ માનીને બેઠો છો માટે તું મૂરખ છો. એક સમયના કલ્પિતસુખના ફળમાં અસંખ્ય વરસ સુધી દુઃખની પરિપાટી ચાલે છે એ તને કેમ પોષાય છે? તેનો કદી વિચાર જ કર્યો નથી. તેથી જ તું તારા ભગવાન આત્માની પર્યાયમાં કુહાડો ચલાવી રહ્યો છે.

આત્મા તો આનંદથી ભરેલો છે એમ નહિ, પણ અતીન્દ્રિય આનંદ જ એનું સ્વરૂપ છે. નિત્ય વીતરાગ પરમાનંદ એકસ્વરૂપ તે આત્મા છે. તેના આનંદને છોડી વિષયના રસમાં એકાકાર થવું તે મૂર્ખાઈ છે.

સમયસારમાં નવરસની વ્યાખ્યા કરી છે. તેમાં જ્ઞાનને એક જ્ઞેયમાં રોકવું, બીજી કલ્પના ન થવી તેને રસ કહે છે. એવી રસની વ્યાખ્યા ૩૮મી ગાથામાં કરી છે. જયચંદજી પંડિત લખે છે કે આ ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકાર કરી નાટકરૂપે વર્ણવવો. તો નાટકમાં નવ પ્રકારના રસ હોય છે. રસ એટલે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં તે પુરુષ એકાકાર એવો થઈ જાય કે અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તેને રસ કહે છે. માટે, વિષયમાં એકાકાર થાય છે તેને વિષયરસ છે અને આત્મામાં એકાકાર થાય છે તેને આત્મરસ છે. 'વસ્તુ વિચારત ધ્યાવતે....' આત્માના આનંદમાં એવો એકાગ્ર થાય કે અન્ય વિકલ્પ ન રહે તે આત્માનો રસ છે. જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ એવો એકાકાર થયો

કે બીજા જ્ઞેયનું લક્ષ રહેતું નથી તે રસ છે. આત્મામાં એકાકાર થવું તે અમૃત છે પણ વિષયમાં એકાકાર થવું એ તો ઝેર છે. વિષયના રાગમાં રંગાયો તે ઝેરમાં એકાકાર થઈ, આત્મરસને ભૂલી, ચિદાનંદને લૂટી તું તારા ઉપર કુહાડો ન માર!—આત્માના આનંદનો ઘાત ન કર!

જ્ઞાનીને વિષય હોવા છતાં વિષયનો રસ નથી, વિષયમાં જ્ઞાની એકાકાર નથી. કમજોરીવશ વિષયનો રાગ આવી જાય છે તે, જેમ માછલીને પાણીમાંથી બહાર તાપમાં આવવું પડે તો કેવું લાગે? તેના જેવું દુઃખરૂપ લાગે છે. અરે! શુભભાવમાં પણ જેમ માછલીને પાણીમાંથી બહાર નીકળીને રેતીમાં આવવું પડે તો કેવું લાગે! તેમ જ્ઞાનીને અતીન્દ્રિય આનંદમાંથી નીકળીને શુભરાગમાં આવવું થાય છે તે એવું દુઃખરૂપ લાગે છે. પદ્મનંદિ પંચવિંશતિમાં શાસ્ત્રકારે આવો દાખલો આપ્યો છે.

આમ તો જીવ સ્ત્રી, પુત્ર, પરિવાર આદિને ભોગવી શકતો જ નથી. કદી કોઈ વિષય જીવે ભોગવ્યા જ નથી પણ કલ્પનાથી વિષયમાં રાગમાં એકાકાર થઈને ‘આ સુખ છે’ એમ અજ્ઞાનીએ માન્યું છે તેથી કહે છે કે આવી ભ્રમણા છોડ ભાઈ! તેમાં તારા આત્મિક આનંદરસ ઉપર કુહાડો પડે છે. આત્માના આનંદરસમાં ઝેર ન હોય અને ઝેરમાં આત્માનો આનંદરસ ન હોય. જ્ઞાનીને આત્માના આનંદરસ આગળ વિષયોમાં રસ નથી આવતો, દુઃખ લાગે છે. શુભભાવમાં પણ આકુળતા લાગે છે અને અશુભભાવમાં તો અગ્નિ આવવા જેવી વિશેષ આકુળતા લાગે છે. શુભ કે અશુભ કોઈમાં રસ નથી પણ પોતાની નબળાઈને કારણે મચક ખાઈ જાય છે. શુભાશુભભાવ આવી જાય છે.

હે ભોળા જીવ!—હે ભ્રમિત જીવ! તું સ્વભાવથી આત્મઆનંદના રસવાળો હોવા છતાં આ વિષયોના રસમાં ક્યાં રોકાઈ ગયો? તેમાં તારો સ્વભાવરસ લુંટાય જાય છે—માટે ભાઈ! તું તારા ખંભા ઉપર કુહાડો ન માર! સ્વભાવને સંભાળી લેવો એ કાંઈ સાધારણ વાત નથી કે જે સ્ત્રી, પુત્રાદિ છોડી દેવાથી મળી જાય.

ભાવાર્થ : આ વિષય ક્ષણભંગુર છે, વારંવાર દુર્ગતિના દુઃખના દેવાવાળા છે. દુઃખની પરિપાટી છે—ઝેર છે. નરક, પશુ, સિંહ, વાઘના અવતાર અને વળી ત્યાંથી મરીને એવી ને એવી દુર્ગતિમાં અવતારના કારણ છે. માટે વિષયોનું (રસપૂર્વક) સેવવું તે પોતાના ખંભા ઉપર કુહાડી મારવા જેવું છે અર્થાત્ પોતાને નરકમાં ડૂબાડવા જેવું છે.

**પુરુષાર્થ વગર એક પણ પર્યાય પ્રગટતી નથી. એટલે રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી પુરુષાર્થ જ જોઈએ છે. –પૂજ્ય બહેનશ્રી**

આવું સ્વરૂપ જાણીને, વિષય-સુખોને છોડ! વિષયમાં સુખ છે એવી બુદ્ધિને છોડી દે!! અને વીતરાગ પરમાત્મ-સુખમાં સ્થિર થઈને નિરંતર શુદ્ધોપયોગની ભાવના કર! વીતરાગ સુખમાં ઠરીને વિષયસુખની ભાવના છૂટે તો છૂટી ગણાય. વીતરાગ સુખમાં ઠર્યા વગર વિષય છોડીને નવમી ગ્રૈવેયક જાય પણ તેને વિષયમાં સુખની બુદ્ધિ છૂટી નથી. વીતરાગ પરમાત્મસુખ કેવું છે? કે નિત્યાનંદસ્વરૂપ છે તેને દૃષ્ટિમાં લઈ, તેમાં સ્થિર થઈ નિરંતર શુદ્ધોપયોગની ભાવના કરવી જોઈએ. પાઠમાં છે 'નિરંતર ભાવના કર્તવ્ય' તેનો અર્થ એ કે પોતાના શુદ્ધોપયોગની ભાવના અંદરમાં રહ્યા કરવી જોઈએ. જુઓ! સાધારણ વાતમાંથી યોગીન્દુદેવ ક્યાં લઈ ગયા! વિષયના ત્યાગમાંથી શુદ્ધોપયોગમાં લઈ ગયાં. ચૈતન્ય મહાપ્રભુમાં ઉપયોગ લગાવ! તેમાં મહારસ પડ્યો છે. વિષયરસ ત્યાગ અને શુદ્ધોપયોગ જે મહારસ છે તેનો રસ લે! એ વિષયરસ એવો છે કે તેની પાસે વિષયનો રસ છૂટી જ જાય! સમજાણું કાંઈ!

અહો! ભગવાન મહાન પ્રભુની મહાનતા એની દૃષ્ટિમાં જ આવતી નથી. વિષયોની પ્રશંસા, કાંઈક આબરૂ, વખાણ થાય ત્યાં એને વિકલ્પમાં થનગનાટ થઈ જાય છે. વિકલ્પમાં રસ....રસ... આવવા લાગે છે તેને કહે છે કે ભાઈ! એ વિષયના સુખમાં વર્તમાનમાં તો દુઃખ છે જ પણ પરંપરાએ દુઃખ જ આપનારા છે. જ્યારે ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે તેની દૃષ્ટિ કરી, તેની ભાવના કર! તો વિષય છૂટી ગયા કહેવાશે. માટે ૧૩૮મી ગાથાનો ભાવાર્થ એ છે કે શુદ્ધોપયોગની ભાવના કરવી જોઈએ.

આ પરમાત્મપ્રકાશ કહે છે કે તું પોતે પરમાત્મા છો તેની દૃષ્ટિમાં જા અને પામરતા છોડી દે એટલે કે વિષયના ભોગ આદિની રુચિ છોડી દે!

કાલે મોક્ષમાર્ગપ્રકાશકમાં આવ્યું હતું ને! કે વિષયમાં અભિલાષા મૂળ છે અને હિંસામાં પ્રમાદ મૂળ છે. સ્વભાવને છોડીને વિષયોની અભિલાષા રહે છે તે જ દુઃખરૂપ છે. જ્યાં સુધી આત્માનો આનંદ ન આવે ત્યાં સુધી વિષયની અભિલાષા ઊંડેથી ખસતી નથી. શરીર સારાં દેખીને, શબ્દો મીઠાં સાંભળીને, ચામડી સારી દેખીને જેનું મન લલચાય જાય છે તેને ચિદાનંદ ભગવાનની પ્રીતિ રહેતી નથી. માટે હવે તું પોતે ભગવાન છો તેના પ્રેમમાં આવ! અને વિષય દુઃખરૂપ અને તુચ્છ છે તેના પ્રેમને છોડ! (ક્રમશઃ)

**જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. –પૂજ્ય બહેનશ્રી**

# સમ્યગ્દષ્ટિનો વિચાર

**સ્વરૂપની નિ:સંદેહ અંતર્દ્દષ્ટિ વડે મોક્ષમાર્ગને સાધે છે.**

“સમ્યગ્દષ્ટિ શું છે તે સાંભળો. સંશય, વિમોહ, વિભ્રમ એ ત્રણ ભાવ જેમાં નથી તે સમ્યગ્દષ્ટિ છે. સંશય, વિમોહ, વિભ્રમ એટલે શું તેનું સ્વરૂપ દૃષ્ટાંત વડે દર્શાવે છે; તે સાંભળો; જેમ કોઈ એક સ્થાનમાં ચાર પુરુષો ઊભા છે. બીજા કોઈ પુરુષે છીપનો એક કટકો તેમની પાસે લાવીને તે ચારેય પુરુષને દેખાડ્યો અને દરેકને પ્રશ્ન કર્યો કે આ શું છે?—છીપ છે કે રૂપું છે?

* પ્રથમ એક પુરુષ–કે જે સંશયદષ્ટિવાળો હતો તે બોલ્યો કે કાંઈ સૂઝ નથી પડતી,–આ છીપ છે કે રૂપું છે? મારી દૃષ્ટિમાં એનો કોઈ નિર્ધાર થતો નથી.

* બીજો વિમોહવાળો પુરુષ બોલ્યો કે મને કાંઈ સમજ નથી પડતી કે તમે છીપ કોને કહો છો ને રૂપું કોને કહો છો? મારી દૃષ્ટિમાં કાંઈ આવતું નથી તેથી હું નથી જાણતો કે તમે શું કહો છો? અથવા ઘેલછાથી–ગાફેલપણાથી તે ચૂપ રહે, બોલે નહિ.

* પછી ત્રીજો પુરુષ વિભ્રમવાળો બોલ્યો કે આ તો પ્રત્યક્ષ–પ્રમાણથી રૂપું જ છે, આને છીપ કોણ કહે? મારી દૃષ્ટિમાં તો રૂપું સૂઝે છે, તેથી સર્વથા પ્રકારે આ રૂપું જ છે.—આ ત્રણે પુરુષોએ તો છીપના સ્વરૂપને જાણ્યું નહિ, તેથી ત્રણે મિથ્યાવાદી છે.

* હવે ચોથો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષપ્રમાણ છીપનો કટકો છે, તેમાં સંશય શો? છીપ...છીપ...છીપ...ચોક્કસ છીપ. જો કોઈ આને બીજી વસ્તુ કહે તો પ્રત્યક્ષપ્રમાણ ભ્રમિત અથવા અંધ.

તેવી રીતે સમ્યગ્દષ્ટિને સ્વ–પરસ્વરૂપમાં નથી સંશય, નથી વિમોહ કે નથી વિભ્રમ; યથાર્થ દૃષ્ટિ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ અંતર્દષ્ટિ વડે મોક્ષપદ્ધતિને સાધી જાણે છે.”

જેને આત્મસ્વરૂપમાં કોઈ સંદેહ નથી, નિ:શંકપણે આત્મસ્વરૂપને જાણ્યું છે–એવા સમ્યગ્દષ્ટિ જ મોક્ષમાર્ગને સાધે છે. સ્વરૂપના નિર્ણયમાં જ જેને ભૂલ છે તે મોક્ષમાર્ગને સાધી શકતા નથી. અહીં છીપ અને ચાંદીના દૃષ્ટાન્તથી તે વાત સમજાવી છે.

‘મારું હિત કેમ થાય?’, ‘હું આત્માને કઈ રીતે જાણું?’—એમ લગની વધારીને પ્રયત્ન કરે તો જરૂર માર્ગ હાથ આવે.　　–**પૂજ્ય બહેનશ્રી**

દેહ તે જ આત્મા હશે કે દેહથી જુદો કોઈ આત્મા હશે, આત્મા દેહની ક્રિયાનો કર્તા હશે કે અકર્તા, પુણ્યભાવ તે ધર્મ હશે કે નહિ હોય—એમ જેને શંકા છે, જરા પણ તત્ત્વનિર્ણય નથી, એવો સંશયદષ્ટિવાળો મિથ્યાદષ્ટિજીવ મોક્ષમાર્ગને સાધી શકતો નથી. વિકાર અને સ્વભાવની ભિન્નતાનો કે જડ-ચેતનની ભિન્નતાનો સાચો વિચાર જ તેને ઊગતો નથી.

વળી, સ્વભાવ શું, પરભાવ શું, મોક્ષમાર્ગ શું, બંધમાર્ગ શું એનો ચોક્કસ નિર્ણય ન કરે ને તેમાં અચોક્કસપણું રહ્યા કરે, ઘડીકમાં એમ લાગે કે વીતરાગભાવ જ મોક્ષમાર્ગ હશે ને વળી, જ્યાં વ્યવહારના પક્ષની વાત સાંભળે ત્યાં એમ લાગે કે શુભરાગ પણ મોક્ષનું સાધન હશે—આમ અનિશ્ચયપણું વર્ત્યા કરે તો તેની પરિણતિ સ્વભાવ તરફ ઢળશે કઈ રીતે? નિઃસંદેહ દઢ નિર્ણય વગર પરિણતિ અંતરમાં વળે નહિ ને મોક્ષમાર્ગને સાધી શકે નહિ. જેમ કટકો છીપનો છે કે ચાંદીનો, તેના ચોક્કસ નિર્ણય વગર તે છોડવો કે રાખવો—તે નક્કી થાય નહિ, તેમ સ્વભાવ શું ને પરભાવ શું, કયો ભાવ મોક્ષમાર્ગ ને કયો ભાવ બંધમાર્ગ—તેના ચોક્કસ નિર્ણય વગર, કયો ભાવ રાખવો ને કયો ભાવ છોડવો અથવા કયા ભાવ તરફ ઢળવું ને કયા ભાવ તરફથી પાછું વળવું—તે નક્કી ન થાય એટલે મોક્ષમાર્ગ સાધી ન શકાય. આ શુભરાગ છે તે છોડવા જેવો છે કે રાખવા જેવો છે—એનો નિર્ણય પણ જે ન કરી શકે તેની પરિણતિ રાગથી પાછી ફરીને સ્વભાવ તરફ ક્યાંથી ઝૂકે? એની પરિણતિ તો ડામાડોળ અસ્થિર જ રહ્યા કરે એટલે ચૈતન્યમાં સ્થિર થયા વિના તે મોક્ષમાર્ગને સાધી શકે નહિ.

વળી ત્રીજો માણસ કે જે વિમોહિતબુદ્ધિથી છીપને ચાંદી જ માનીને અંગીકાર કરી રહ્યો છે તેને પણ છીપ છોડવાનો ને સાચી ચાંદી શોધવાનો અવકાશ રહ્યો નથી; તેમ મૂઢ જીવ મોહિતબુદ્ધિથી શુભરાગાદિ પરભાવને જ દઢપણે મોક્ષમાર્ગ માની રહ્યો છે એટલે તેને પણ રાગને છોડવાનો ને વીતરાગસ્વભાવ તરફ ઢળવાનો અવકાશ રહ્યો નથી એટલે તે પણ મોક્ષને સાધી શકતો નથી. શુભરાગ તે મોક્ષનું સાધન છે—એવો વિપરીત નિર્ણય કરે તે જીવ રાગથી ખસીને વીતરાગ સ્વભાવમાં ક્યાંથી આવશે? અને રાગના આધારે તો તેને મોક્ષમાર્ગ કદી સધાવાનો જ નથી.

એ રીતે સંશય, વિમોહ કે વિભ્રમવાળા જીવો મોક્ષમાર્ગને સાધી શકતા નથી. યથાર્થ

જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું. –પૂજ્ય બહેનશ્રી

વસ્તુના દૃઢ નિર્ણયવાળો જીવ જ મોક્ષમાર્ગને સાધે છે.

ચોથો પુરુષ સ્પષ્ટ જાણે છે કે આ તો ચોક્કસ છીપ જ છે, આ ચાંદી નથી. તે ચાંદી અને છીપ બંનેના યથાર્થ સ્વરૂપને ઓળખે છે. હજાર માણસ છીપને ચાંદી કહે તોપણ પોતાના સમ્યક્ નિર્ણયમાં તેને શંકા નથી પડતી. તેમ ધર્મી જીવ પોતાના ચિદાનંદ સ્વરૂપમાં નિઃશંક છે, સ્વ–પરને અને સ્વભાવ તથા પરભાવને બરાબર જુદા જાણે છે, અધ્યાત્મપદ્ધતિરૂપ શુદ્ધ પરિણતિ જ મોક્ષમાર્ગ છે ને આગમપદ્ધતિરૂપ વિકારપરિણતિ તે મોક્ષમાર્ગ નથી, તે બંધમાર્ગ જ છે–એમ તે ચોક્કસપણે જાણે છે, તેમાં તે અત્યંત નિઃશંક અને દૃઢ છે; હજારો–લાખો માણસો બીજું માને કે કહે તોપણ પોતાના સમ્યક્ નિર્ણયમાં તેને સંદેહ ન પડે, નિર્ણયમાં જરા પણ મચક ન આવે એટલે નિઃશંકપણે સ્વભાવ તરફ ઢળીને તે મોક્ષમાર્ગને સાધે છે. ક્યાંક નિમિત્તથી કે વ્યવહારથી શુભરાગ વગેરેને ધર્મનું કારણ કહ્યું હોય તો ધર્મી મુંઝાય નહિ, તે નિઃશંક સમજે છે કે એ તો માત્ર ઉપચારકથન છે, ખરેખર એમ નથી. રાગ તે ધર્મ છે જ નહિ. રાગ તો ચોક્કસપણે વિભાવ...વિભાવ...ને વિભાવ, તે મારો સ્વભાવ નહિ, તે મોક્ષનું સાધન નહિ. જો તેને કોઈ મોક્ષનું સાધન માને તો ચોક્કસપણે તે અજ્ઞાની છે. આવા દૃઢ નિર્ણયના બળે તે નિજસ્વભાવને સાધે છે, સ્વભાવ–આશ્રિત મોક્ષમાર્ગને સાધે છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાતા અંતર્દૃષ્ટિ વડે મોક્ષપદ્ધતિને સાધી જાણે છે.

આ સમ્યગ્દૃષ્ટિના વિચારનું વર્ણન ચાલે છે, સમ્યગ્દૃષ્ટિ તો નિજ સ્વરૂપના સમ્યક્ નિર્ણયના બળે અધ્યાત્મપદ્ધતિથી મોક્ષમાર્ગને સાધી જાણે છે, પણ મિથ્યાદૃષ્ટિ તો ભ્રમથી આગમપદ્ધતિને મોક્ષનું સાધન માનીને એકલી આગમપદ્ધતિ (અશુદ્ધપરિણતિ) માં જ વર્તે છે એટલે તે મોક્ષમાર્ગને સાધી શકતો નથી, કેમ કે મોક્ષમાર્ગ આગમપદ્ધતિને આશ્રિત નથી. આ સંબંધમાં વધુ સ્પષ્ટીકરણ કરે છે. *(ક્રમશઃ)*

---

વીતરાગી દેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો–તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવો જ તું છો. પ્રભુ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ!

**–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

---

જગતમાં જેમ કહે છે કે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે, તેમ આત્મામાં ડગલે ને પગલે એટલે કે પર્યાયે પર્યાયે પુરુષાર્થ જ જોઈએ છે. **–પૂજ્ય બહેનશ્રી**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✽ શ્રોતા :—સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં બધા ગુણોની અનંતી શક્તિ છે એવો ખ્યાલ આવી જાય કે કોઈ ગુણ બાકી રહી જાય?

પૂજ્ય બહેનશ્રી :—સમ્યગ્દષ્ટિના જ્ઞાનની ગંભીરતા છે. એક એક ગુણ ગણી-ગણીને જુદો પાડીને તે જોઈ શકતો નથી, પરંતુ તેની મહિમા આવી જાય છે. એક એક ગુણ જુદો જુદો કેવળજ્ઞાની જાણે છે. અનુભૂતિની અંદર બધી ગંભીરતા તેને આવી જાય છે. એક એક ગુણ જુદો પાડી-પાડીને પ્રત્યક્ષ દેખાતું નથી; પણ જ્ઞાનમાં અનંત શક્તિ છે, ચારિત્રમાં અનંત શક્તિ છે, અસ્તિત્વમાં અનંત શક્તિ છે એવું બધું તે જાણી શકે છે. પોતાનો જ્ઞાયક સ્વભાવ મહિમાવંત છે તેની તેને કોઈ અપાર મહિમા આવે છે, તેમાં તેને શંકા પડતી નથી.

આત્મા બધાને જ્ઞેય કરનારો—જાણનારો છે. જડ પોતે પોતાને જાણતું નથી. જ્ઞાન પોતે પોતાને જાણે છે અને બીજાને પણ જાણે છે. ગયા કાળના પ્રસંગો કે ગયા ભવના બધા પ્રસંગો વીતી ગયા છે તોપણ વર્તમાનમાં તેનું જ્ઞાન થઈ શકે છે તેવી જ્ઞાનની શક્તિ છે. કોઈ કોઈ મુનિઓને પણ તેવી જ્ઞાનની શક્તિ પ્રગટે છે.

પોતે ભેદજ્ઞાન કરીને જ્ઞાયકસ્વભાવ કોઈ અનંત મહિમાવંત છે તેની પ્રતીતિ લાવીને અંતરમાં સ્વાનુભૂતિ કરી શકે છે. અનંતા ગુણ તેને ન દેખાય; પણ એક જ્ઞાયકના ગ્રહણમાં બધું આવી જાય છે. જ્ઞાયકની તેને મહિમા આવવી જોઈએ.

ગુરુદેવે તો આખો માર્ગ પ્રકાશ્યો છે. તેઓ સ્થાનકવાસીમાં હતા તેમાંથી વિચાર કરીને, નક્કી કરીને અને પલટો કરીને આ સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે. ચારે બાજુથી માર્ગ બતાવ્યો છે, બધું નક્કી કરીને આ માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવે કહ્યો છે તે માર્ગ ગ્રહણ કરી લે. પોતાને બધું ન સમજાય તો પ્રયોજનભૂત નક્કી કરીને પોતે આગળ જઈ શકે છે. ગુરુદેવ કહેતા હતા કે કોઈની દુકાને રૂપિયા મૂકવા જાય ત્યારે તે પ્રયોજનભૂત વાત જાણી પોતે નક્કી કરે છે કે આ દુકાન સારી ચાલે છે. પણ તે એમ કહે કે આખી દુકાનનું બધું જાણી લઉં, પછી હું નક્કી કરીશ તો એવી રીતે ન જણાય. તેમ પ્રયોજનભૂત જાણી આગળ જાય તો પોતે જઈ શકે છે.

✽ શ્રોતા :—અવારનવાર આપ 'સહજ' કહો છો તો 'સહજ' એટલે શું? આત્મા પુરુષાર્થ વગર સહજ સાધ્ય છે?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયકસ્વભાવ સહજ છે, પણ પુરુષાર્થ કરવો અને પરિણમનનો પલટો કરવો તે કાંઈ તેની મેળાએ થઈ જાય છે કે કોઈ કરાવી દે છે તેમ નથી. તત્ત્વ સહજ છે, જ્ઞાયકતત્ત્વ સહજ છે પણ તેનો નિર્ણય કરવો કે આ તત્ત્વ તે હું અને આ વિભાવ હું નથી તે તો પોતાના પુરુષાર્થથી થાય છે. યત્ન સાધ્ય નથી એટલે કે કૃત્રિમતા નથી, વિકલ્પ કરી કરીને પોતાને સાધ્ય કરવું પડે તેમ નથી પણ પોતાના સહજ પ્રયત્ને સાધ્ય છે. પરિણતિ પોતાની છે ને પોતે પુરુષાર્થથી પલટો કરે છે. તેની સાથે કાળલબ્ધિ આદિ ભેગાં ભળે છે. કાળલબ્ધિ એટલે બધી કુદરત ભેગી ભળે છે પણ યત્ન તો પોતાને કરવાનો રહે છે. યત્ન સાધ્ય એટલે કાંઈ કૃત્રિમ વિકલ્પ કરીને યત્ન કરવો એમ નહિ પણ પોતાને ભાવના આવે છે કે હું પુરુષાર્થ કરું, આ મારે નથી જોઈતું, આ મારે જોઈએ છે એવી ભાવનાની ઉગ્રતા કરીને પોતાના પુરુષાર્થથી પલટો ખાય છે. તત્ત્વ સહજ છે પણ તેનો પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. કૃત્રિમ વિકલ્પ દ્વારા તે થાય તેમ નથી. પોતાના પુરુષાર્થની ગતિનો—પોતાની પરિણતિની ગતિનો—પલટો પોતે કરે છે.

---


નીચેના પ્રકાશનો પ્રિન્ટીંગમાં છે જે કોઇ મંડળોએ મંગાવવા હોય તો તેમની નકલો અંગે અગાઉથી જાણ કરવી.

**(૧) પંચાસ્તિકાય (હિન્દી) (૨) સમયસાર (હિન્દી) (૩) નયપ્રજ્ઞાપન(ગુજ.)**
**(૪) વૈરાગ્યભાવના ભાગ–૧ (સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાના પ્રવચનો (ગુજ.)**

નીચેના શાસ્ત્ર પ્રકાશિત થઇ ચૂક્યા છે.

**(૧) પંચાસ્તિકાય (ગુજરાતી) (૨) શ્રી વિદ્યમાનવિંશતી તીર્થંકર પૂજા(હિન્દી)**
**(૩) પરમાત્મપ્રકાશ(ગુજ.+હિ.)**

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને
કોઈપણ પ્રકારની દાનરાશી મોકલવા ઇચ્છતા હોય તે

(1) Name of Account : Digamber Jain Swadhyay Mandir Trust
(2) Name of Bank : Bank of India
(3) Branch : Songadh, Dist-Bhavnagar
(4) Account No : 321110100000431
(5) I.F.S.C. : BKID 0003211

આપ સીધા ઉપરોક્ત ખાતામાં ચેક/રોકડા ભરી શકો છો.
તેની સૂચના અમોને ખાસ આપવા વિનંતી. જેથી રસીદ આપને મોકલી શકાય.

## મંગલ શિલાન્યાસ મહોત્સવ

અત્યંત આનંદ ઉલ્લાસ સહ નિવેદન કે પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સાતિશય પ્રભાવના ઉદયે તે ઊભય ધર્માત્માઓની પાવન સાધનાભૂમિ સુવર્ણપુરી મધ્યે શ્રી જંબૂદ્વીપના અકૃત્રિમ જિનાલયો તથા વિશાળકાય શ્રી બાહુબલીસ્વામીની સ્થાપનાનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉભય જિનાયતનોના મંગલ શિલાન્યાસનો કાર્યક્રમ વૈશાખ સુદ-૩ (અક્ષયતૃતીયા) તા. ૧૩-૫-૨૦૧૩ને સોમવારના રોજ યોજવામાં આવ્યો છે. આ મહાન મંગલકારી આયોજનમાં સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોને સોનગઢ પધારવાનું ભાવભીનું આમંત્રણ છે.

લિ.
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ વતી
પ્રમુખ : શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા

### ઘર બેઠા સોનગઢ (સુવર્ણપુરી) દર્શન-પ્રવચનનો લાભ-ઇન્ટરનેટ દ્વારા

સોનગઢ મધ્યે બિરાજમાન વીતરાગી ભગવંતોના દર્શન તેમજ પ્રોગ્રામો ઈન્ટરનેટ દ્વારા લાઈવ-ટેલીકાસ્ટ નીચેના વેબસાઈટ ઉપર જોવા/ સાંભળવા મળશે.

www.kanjiswami.org

હમેશા Audio Telecast તથા ઉત્સવના વખતે Video Telecast નો અવશ્ય લાભ લેશો.

### આત્મધર્મ ગુજરાતી તથા હિંદી ઇન્ટરનેટ દ્વારા વાંચશો અમારું ઈ-મેઇલ એડ્રેસ નોંધી લેશોજી.

1) www.kanjiswami.org website વેબસાઈટ ઉપર Atmadharm section ઉપર જોઈ શકશો.
2) પરદેશમાં રહેતાં કાયમી ગ્રાહક જેઓ આત્મધર્મ અંક દર મહિને PDF થી મંગાવવા ઈચ્છે છે તેઓએ પોતાનું email address અમોને લખી મોકલવા વિનંતી છે.
3) ભારતમાં રહેતા જે કોઈ કાયમી ગ્રાહક મુમુક્ષુને ગુજરાતી અથવા હિંદી આત્મધર્મ અંક દર મહિને PDF થી મંગાવવા ઈચ્છે છે તેઓએ પોતાનું email address લખી મોકલવા વિનંતી છે. બાદ તેમને પોસ્ટથી મોકલાતાં અંક બંધ કરવામાં આવશે.

email : contact@kanjiswami.org

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ❀ પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ચોવીસમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૨૩-૫-૨૦૧૩ ગુરુવારથી તા. ૨૭-૫-૨૦૧૩ સોમવાર (વૈશાખ વદ ૩) સુધી —પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### ❀ સમવસરણ મંદિરનો ૭૨મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :

વૈશાખ વદ ૬, ગુરુવાર, તા. ૩૦-૫-૨૦૧૩ના રોજ સોનગઢના સમવસરણ મંદિરનો ૭૨મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવશે.

### ❀ સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૬મો વાર્ષિક દિવસ :

તા. ૧-૬-૨૦૧૩, વૈશાખ વદ ૮, શનિવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૬મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

**માતુશ્રી મંગળાબેન પ્રભુદાસ તારાચંદ કામદાર પરિવાર, સોનગઢ**

**હ. ઉષાબેન હર્ષદભાઈ કામદાર—સુરત**

આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે

## પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૪મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૪મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં માતુશ્રી મંગળાબેન પ્રભુદાસ તારાચંદ કામદાર પરિવાર, સોનગઢ હ. ઉષાબેન હર્ષદભાઈ કામદાર—સુરત દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૪મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૭-૫-૨૦૧૩, મંગળવારથી તા. ૧૧-૫-૨૦૧૩, શનિવાર—પાંચ દિવસ સુધી ‘શ્રી તીન ચૌવીસી વિધાન પૂજા’ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ, વઢવાણ તથા મલાડની દિ. જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૩-૦૪-૨૦૧૩, બુધવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક

ઉષાબેન હર્ષદભાઈ કામદાર પરિવારના

જય-જિનેન્દ્ર

આત્મધર્મ
એપ્રિલ-૨૦૧૩
અંક-૮ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# આ જ્ઞાયકરૂપે રહેલો તે જ હું છું

અનેક જાતના પુણ્યના ઠાઠ, પાપના સ્થાનો, સમાધિસુખને પામેલા કેવળજ્ઞાનીઓ, કૃતકૃત્ય સિદ્ધભગવંતો આદિ બધું જ્ઞાનમાં જણાય પણ મને કોઈનું આશ્ચર્ય નથી, જે જે ભાવ જાણવામાં આવે તેનો હું જ્ઞાતા જ છું, જ્ઞાયકસ્વભાવને ઊર્ધ્વ રાખીને જ્ઞેયોને જાણું છું, જ્ઞાયકના અસ્તિત્વને ગ્રહણ કરીને, જ્ઞાયકના જ્ઞાયકરૂપ પરિણમનને હાજર રાખીને, માત્ર જાણું છું. 'આ જ્ઞાયકરૂપે રહેલો તે જ હું છું' એમ મને—સાધકને વિભાવ હોવા છતાં વિભાવનું ભેદજ્ઞાન વર્તે છે. સાધકદશા હોવાથી, આ વિભાવભાવનો મારામાં ઉદ્ભવ થવા છતાં પણ, તે મારો સ્વભાવ નથી. જ્ઞાયકમય પરિણમન હોવાથી અમુક અંશે શાંતિ વેદાય છે તેનો પણ જ્ઞાતા છું અને અમુક અંશે આકુળતા છે તેનો પણ જ્ઞાતા છું.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org